| GJGS010007532026 | દાખલ તારીખ : ૧૬.૦૬.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૧૬.૦૬.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૮.૦૬.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૨ |
|---|---|

==========================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ. વેરાવળ**

==========================================

**ફો. પ. અ. નં.૨૫૫.૨૦૨૬**
**આંક–**

**જયાબેન હિમંતભાઇ પરમાર,**
ઉ. વ. આ. ૪૩, ધંધો. વેપાર,
રહે. કોડીનાર, ઠે. બસ સ્ટેશન પાસે,
આંબેડકરનગર, તા. કોડીનાર જી. ગીર સોમનાથ.

**...... અરજદાર**

**વિરૂધ્ધ**

૧ **નઝીરભાઇ ઈસ્માઇલભાઇ મકવાણા**
**તે ઈરમ સી કુડઝના માલીક,**
ઉ. વ. આ. ૩૯, ધંધો. મચ્છીનો વેપાર,
રહે. માધુપુર જાંબુર, તા. તાલાલા જી. ગીર સોમનાથ.

૨. **શ્રી સરકાર**

**...... સામાવાળાઓ**

---

અરજદાર તરફે વિ. વકિલ શ્રી એ. વી. ધોળીયા
સામાવાળા નં. (૧) તરફે વિ. વ. શ્રી વી. સી. માવધીયા
સામાવાળા નં. (૨) તરફે વિ. સરકારી વકિલ શ્રી કે. ડી. વાળા

---

**:: લીમીટિશન એકટની કલમ–૫ મુજબ ડીલે માફ કરવાની અરજી ::**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદારે હાલની અરજી લીમીટેશન એકટની કલમ–૫ મુજબ અપીલ દાખલ કરવામાં થયેલ ૧૩ માસ અને ૭ દિવસનો વિલંબ માફ કરવા માટે કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સામાવાળાઓને નોટીશ કરવામાં આવતા સામાવાળા નં. (૧) તરફે વિ. વ. શ્રી વી. સી. માવધીયા અને સામાવાળા નં. (૨) તરફે વિ. સરકારી વકિલ શ્રી કે. ડી. વાળા હાજર થયેલ છે.

(૩) અરજદાર તરફે વિ. વકિલ શ્રી એ. વી. ધોળીયાનાઓએ પોતાની રજૂઆતમાં ભારપુર્વક જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ આ કામના સામાવાળા નં. (૧) દ્વારા ધી નેગો. ઇન્સ. એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ, જે ફરીયાદના આધારે કેસ ચાલી જતા વિ. ટ્રાયલ કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી સજા અને વળતર ચુકવવાનો હુકમ કરેલ, જે હુકમથી નારાજ થઇને આ કામના અરજદાર અપીલ દાખલ કરવા માંગે છે, પરંતુ આ કામના અરજદાર/આરોપી કાયદાના અજ્ઞાન હોવાના કારણે સમયસર અપીલ દાખલ કરી શકેલ નહી અને અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. આ સિવાય વિલંબ કરવાનુ કોઇ કારણ ન હતુ, જેથી વિલંબ માફ કરી, અપીલ રજીસ્ટરે લેવા હુકમ કરવા રજૂઆત કરેલ છે. ઉપરોકત રજુઆત સામે સામાવાળાઓની રજૂઆત સાંભળી.

(૪) ઉભયપક્ષની રજુઆત તથા આ કામના અરજદાર/આરોપી તરફે હાલની અરજી કામે રજૂ કરેલ દસ્તાવેજોને ધ્યાને લેતા, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ આ કામના સામાવાળા નં. (૧) દ્વારા ધી નેગો. ઇન્સ. એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરતા તે ફરીયાદના આધારે આરોપી વિરૂધ્ધ કેસ વિ. ટ્રાયલ કોર્ટમાં ચાલી જતા વિ. ટ્રાયલ કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી સજા અને વળતર ચુકવવાનો હુકમ કરેલ, જે હુકમથી નારાજ થઇને આ કામના અરજદાર અપીલ દાખલ કરવા માંગે છે, પરંતુ આ કામના અરજદાર/આરોપી કાયદાના અજ્ઞાન હોવાના કારણે સમયસર અપીલ દાખલ કરી શકેલ

નહી અને આ કારણસર અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. આ સિવાય વિલંબ કરવાનુ કોઈ કારણ ન હતુ, જેથી વિલંબ માફ કરી, અપીલ રજીસ્ટરે લેવા હુકમ કરવા રજૂઆત કરેલ છે.અરજદાર/આરોપીની અરજી સંબંધે સામાવાળાઓને સાંભળવામાં આવેલ છે. જો અરજદાર/આરોપીને હાલની અપીલ દાખલ કરવા દેવામાં ન આવે તો તેમના કાનૂની અધિકાર ઉપર સ્વાભાવિક રીતે તરાપ પડે તેમ હોય અને જો અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવા દેવામાં આવે તો તેનાથી સામાવાળાઓને કોઇ નુકશાન થવાનું નથી. જેથી નામ. સુપ્રિમ કોર્ટના **કલેકટર લેન્ડ એકવીઝીશન અનંતનાગ અને બીજાઓ વિ. માસ્ટર કાતીજી અને બીજાઓ (એ. આઈ. આર. ૧૯૮૭ (સુ. કો.) ૧૩૫૩)** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોને ધ્યાને લઈને, અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરી, અરજી મંજુર કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**ઃઃ આખરી હુકમ ઃઃ**

(૧) અરજદાર/આરોપીની હાલની વિલંબ માફ કરવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે અને ફોજદારી અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવામાં આવે છે.

(૨) રજીસ્ટ્રીએ અરજદાર/આરોપીની ફોજદારી અપીલ ધોરણસર રજીસ્ટરે લેવી.

(૩) હુકમ મુજબની યાદી કરવી.

આજરોજ આ હુકમ તા.૧૮મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
**કોડ નં. જીજે૦૧૦૪૨**